**વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત**

**અનુસૂચિત જનજાતિના જમીન ધરાવતા ખેડુતોને લીલા શાકભાજી તેમજ અન્ય ઓર્ગેનિક વેજીટેબલ ફાર્મીંગ, ગ્રેડીંગ અને પેકેજીંગની તાલીમ અને માર્ગદર્શન માટેની સહાય અંગેની બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-ન.બા.૩૧-ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૯/૦૪/૨૦૧૬

## વંચાણે લીધા :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૩/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: અવક/ખતવ/ફા.નં/૨૦૧૫/૫૭૬ થી ૫૭૭

## પ્રસ્તાવના :-

આદિજાતિ વિસ્તારોના ગરીબ, પછાત અને આદિજાતિના અનુસૂચિત જનજાતિના બીપીએલ તેમજ એફઆરએના અને જમીન ધરાવતા ખેડુતોને ઓર્ગેનિક વેજીટેબલ ફાર્મીંગ, ગ્રેડીંગ અને પેકેજીંગની તાલીમ અને માર્ગદર્શન માટે લાભાર્થીદીઠ રૂ. ૫૦૦૦/- ની સહાય લેખે ૪૦૦ લાભાર્થીઓ માટે રૂ. ૨૦.૦૦ લાખની સહાય આપવાની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના જમીન ધરાવતા ખેડુતોને લીલા શાકભાજી તેમજ અન્ય ઓર્ગેનિક વેજીટેબલ ફાર્મીંગ, ગ્રેડીંગ અને પેકેજીંગની તાલીમ અને માર્ગદર્શન માટેની સહાય અંગેની રૂ.૨૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૬) આ અંગેની વિગતવાર યોજના તૈયાર કરી સરકારશ્રીની મંજુરી મેળવી લેવાની રહેશે

(૭) આ યોજનાનું અમલીકરણ જે તે જીલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીઓ મારફત કરવાનું રહેશે. મોનીટરીંગ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિકાસ પેટા યોજના, પેટા સદર: (૬૨) વીકેવાય ૩૧૬, સંકલિત ડેરી/વાડી વિકાસ પ્રોજેક્ટ કૌશલ્ય તાલીમ કાર્યક્રમ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ – ઉપર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્યોતિ કે.પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

E:\gh-3\G.R.2016-17\PRC-102016-17-N.B.31-GH-GR.docx

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.